## (1) ભારતમાં 'પ્રિવેન્ટીવ ડિટેન્શન' માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(i) તે બંધારણના અનુચ્છેદ 22 સાથે સંકળાયેલ છે.

(ii) રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ, 1980 એ 'પ્રિવેન્ટીવ ડિટેન્શન'નું ઉદાહરણ છે.

(iii) 44માં બંધારણીય સુધારામાં 'પ્રિવેન્ટીવ ડિટેન્શન'નો મહત્તમ સમયગાળો 6 મહિનામાંથી ઘટાડીને 3 મહિના કરવામાં આવ્યો છે.

(A) આપેલ તમામ (B) માત્ર (i) અને (ii)

(C) માત્ર (i) અને (iii) (D) માત્ર (ii) અને (iii)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ ઈન્દોરમાં કેટલાંક લોકો દ્વારા આરોગ્ય કાર્યકર્તાઓ ઉપર પથ્થરો ફેંકવામાં આવતા, ઈન્દોર જિલ્લા દ્વારા 4 લોકોની રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ, 1980 અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી રહી છે.

⇛ રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ, 1980 એ એક પ્રકારનો નિવારક અટકાયત કાયદો અર્થાત્ 'પ્રિન્વેટીવ ડિટેન્શન' કાયદો છે. (આથી, વિધાન (ii) સાચું છે.)

⇛ કોઈ વ્યક્તિ ભવિષ્યમાં કોઈ ગુનો ન કરે તે માટે તેનું 'પ્રિવેન્ટીવ ડિટેન્શન' કરવામાં આવે છે.

⇛ ભારતના બંધારણમાં અનુચ્છેદ 22(3)(b)માં 'પ્રિવેન્ટીવ ડિટેન્શન'ને માન્યતા આપવામાં આવી છે. (આથી, વિધાન (i) સાચું છે.)

⇛ ઉપરાંત અનુચ્છેદ 22માં કહેવામાં આવ્યું છે કે આ કાનૂન હેઠળ અટકાયત કરેલ વ્યક્તિને મહત્તમ 3 મહિના સુધી કેદમાં રાખી શકાય છે પરંતુ જો કોઈ 'સલાહકારી બોર્ડ' દ્વારા યોગ્ય કારણ દર્શાવવામાં આવે તો આ સમય વધારી શકાય છે.

⇛ 44માં બંધારણીય સુધારા (1978)માં આ સમયગાળો ઘટાડીને 2 મહિના કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ તેનો અમલ થયો નથી, આથી 3 મહિનાનો સમય યથાવત્ છે. (આથી, વિધાનસ (iii) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) 'વન ધન યોજના' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(i) આ યોજના સંસ્કૃતિ મંત્રાલય તથા નાણાં મંત્રાલયની સંયુક્ત પહેલ છે.

(ii) આ યોજના દ્વારા લઘુ વન ઉત્પાદનોને વેગ મળશે.

(A) માત્ર (i)

(B) માત્ર (ii)

(C) (i) અને (ii) બન્ને

(D) આપેલ પૈકી એક પણ નહીં

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ જનજાતિય કાર્ય મંત્રાલય તથા ટ્રાઈફેડ (TRIFED) દ્વારા વન ધન યોજના શરૂ કરવામાં આવી છે. (આથી, વિધાન (i) ખોટું છે.)

⇛ TRIFEDનું પૂરું નામ Tribal Co-Operative Marketing Development Federation of India છે.

⇛ આ યોજના દ્વારા લઘુ વન ઉત્પાદનોના વિકાસ માટે 'વન ધન વિકાસ કેન્દ્રો' સ્થાપવામાં આવશે. (આથી, વિધાન (ii) સાચું છે.)

⇛ આ યોજનાની શરૂઆત છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં પ્રથમ 'વન ધન વિકાસ કેન્દ્ર'ની સ્થાપના દ્વારા કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) ‘સ્ત્રીઓ માટેના રાષ્ટ્રીય કમિશન’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(i) તે એક બંધારણીય સંસ્થા છે.

(ii) તાજેતરમાં આ સંસ્થાએ જણાવ્યું છે કે ‘લોકડાઉન’ના કારણે મહિલા વિરુદ્ધની હિંસાઓમાં ઘટાડો થયો છે.

(A) માત્ર (i)

(B) માત્ર (ii)

(C) (i) અને (ii) બન્ને

(D) આપેલ પૈકી એક પણ નહીં

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ‘સ્ત્રીઓ માટેના રાષ્ટ્રીય કમિશન’ (National Commission for Women)ના જણાવ્યા અનુસાર લોકડાઉનના કારણે સ્ત્રીઓ વિરુદ્ધની હિંસાઓમાં ધરખમ વધારો થયો છે. (આથી, વિધાન (ii) ખોટું છે.)

⇛ માર્ચ મહિનાના પ્રથમ સપ્તાહમાં કુલ 116 ફરિયાદો હતી જે માર્ચના અંતિમ સપ્તાહમાં (એટલે કે, લોકડાઉન દરમિયાન) 257 થઈ છે.

⇛ ‘સ્ત્રીઓ માટેના રાષ્ટ્રીય કમિશન’ની સ્થાપના જાન્યુઆરી 1992માં સંસદના અધિનિયમ National Commission for Women Act, 1990 હેઠળ કરવામાં આવી છે. આથી, તે એક વૈધાનિક સંસ્થા છે. (આથી, વિધાન (i) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) 'ગ્લોબલ જીઓપાર્ક'નું મેનેજમેન્ટ નીચેનામાંથી કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

(A) વાઈલ્ડલાઈફ ઈન્ટરનેશનલ
(B) પેરિસ બોડી ઓફ બર્ડ વોચર્સ
(C) યુનેસ્કો
(D) રામસાર

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ જીઓપાર્ક એ એક પ્રકારનું 'વિશ્વ ધરોહર સ્થળ' જેવું ટેગ છે. જે મુખ્યત્વે ભૂસ્તરશાસ્ત્ર (Geological) સંબંધી વિરાસત સ્થળો માટે આપવામાં આવે છે.

⇛ 1998માં યુનેસ્કો દ્વારા 'ગ્લોબલ જીઓપાર્ક' નેટવર્કની સ્થાપના કરવામાં આવી હતી. (આથી, જવાબ યુનેસ્કો)

⇛ તાજેતરમાં ભારતની GSI (Geological Survey of India) સંસ્થા દ્વારા મહારાષ્ટ્રના 'લોનાર તળાવ' અને કર્ણાટકના 'સેંટ મેરી ટાપુ' અને 'માલપે બીચ' સ્થળોને ગ્લોબલ જીઓપાર્કમાં સમાવવા માટે પસંદ કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) 'BCG' રસી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(i) તેનું પૂરું નામ 'Bacillus Calmette-Guerin' છે.

(ii) તેનો ઉપયોગ ટાઈફોઈડને નિવારવા માટે કરવામાં આવે છે.

(A) માત્ર (i)

(B) માત્ર (ii)

(C) (i) અને (ii) બન્ને

(D) આપેલ પૈકી એકપણ નહીં

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કોરોના વાયરસના દર્દીઓને BCG રસી આપવાની ચર્ચાઓ ચાલી રહી છે.

⇛ BCG રસી મુખ્યત્વે TB (ટયુબર ક્યુલોસીસ) નિવારવા માટે આપવામાં આવે છે. (આથી, વિધાન (ii) ખોટું છે.)

⇛ BCGનું પૂરું નામ (Bacillus Calmette-Guerin) છે. (આથી, વિધાન (i) સાચું છે.)

⇛ આ રસી ઈન્જેકશન દ્વારા આપવામાં આવે છે.

⇛ BCG રસીનો પ્રથમ મેડીકલ ઉપયોગ વર્ષ 1921માં કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT